ખાસ અગત્યનું

નં/ નાનિ/ ૨૦૨૨-૨૩/ ૨૭૭૩ થી ૨૭૨૫

નાયબ નિયામક

અનુસૂચિત જાતિ કલ્યાણ ,

સી - બ્લોક, છઠ્ઠો માળ, બહુમાળી ભવન,

નાનપુરા, સુરત. (ફોન નં. - ૨૪૬૪૪૩૦.)

તા. ૧૩/૦૯/૨૦૨૨

પ્રતિ,

આચાર્યશ્રી, (તમામ)

મા.ધ્યમિક શાળાઓ (તમામ)

સુરત

**વિષયઃ ધો.૯ તથા ધો-૧૦માં વર્ષઃ ૨૦૨૨-૨૩ દરમ્યાન અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને જાતિ દાખલા આપવા બાબત.**

જયભારત સહ ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે સરકારશ્રીનાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગરનાં ઠરાવ ક્રમાંક અજપ/૧૦૨૦૧૦/૩૬૩૪૪૬/હની જોગવાઇ અનુસંધાને **ધો.૯ તથા ધો. ૧૦** તમામ વિદ્યાર્થીઓને જાતિ પ્રમાણપત્ર મળી રહે તેવા ઉદ્દેશથી સંબંધિત શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની અરજીઓ વિદ્યાર્થીઓ પાસે તૈયાર કરાવી, જરૂરી આધાર પુરાવાઓ મેળવી, એકત્રીત કરી, અત્રેની કચેરીને કચેરી સમય દરમ્યાન મોડામાં મોડા તા. 30/૯/૨૦૨૨ સુધી મળી જાય તેવી કાર્યવાહી કરવાની રહેશે.

**જાતિ દાખલો એક અગત્યનો ડોકયુમેન્ટ છે, દરખાસ્ત તૈયાર કરતા તથા વિદ્યાર્થીઓ પાસે ફોર્મ તૈયાર કરાવતા સમયે નીચે મુજબની સુચનાઓનું પાલન કરવાનું રહેશે.**

**૧. જાતિ દાખલાનાં ફોર્મસ :**

અત્રેની કચેરી ખાતે માંગણીપત્ર રજુ કરેથી શાળાનાં કર્મચારીને જરૂરીયાત મુજબ જાતિ દાખલાંના ફોર્મસ આપવામાં આવશે.

**૨. દરખાસ્ત મોકલવાની પધ્ધતિ :**

- **આ પરિપત્ર સાથે સામેલ ચેક લીસ્ટને આપના દ્વારા રજુ થનાર ફાઇલ ઉપર ચોટાડી તેમાં જે-તે વિગતો ભરી આચાર્યશ્રીએ ચકાસણી કરી સહી-સીકકા કરવાના રહેશે.**
- સદરહુ પરિપત્ર સાથે **પત્રક - ૧** સામેલ છે, જેમાં જાતિ દાખલા મળવા અંગેની આપે રજુ કરેલ અરજીઓની વિગત દર્શાવવાની રહેશે;
- જયારે **પત્રક - ૨** માં ધો. ૧૦ માં અભ્યાસ કરતા હોય અને જેઓનો સમાવેશ અનુસૂચિત જાતિમાં થતો હોય, પરંતુ જે વિદ્યાર્થીઓને અગાઉ જાતિ પ્ર માણપત્ર મળેલ હોય તેઓને ફરીથી જાતિ પ્રમાણપત્ર આપવાનું રહેતું ન હોય તથા **અન્ય કોઇ પણ કારણોસર જે કોઇ વિદ્યાર્થીની દરખાસ્ત કરેલ ન હોય, તેવા વિદ્યાર્થીઓની વિગત દર્શાવવાની રહેશે,** તથા જે-તે વિદ્યાર્થીઓનાં નામ સામે જે-તે બાબતની જરૂરી નોંધ રીમાર્કસનાં કોલમમાં કરવી.
- આપની શાળા મારફત ધો. ૧૦ નાં એકસટર્નલ વિદ્યાર્થી તરીકે પરિક્ષા આપનારને પણ જાતિ દાખલો આપનાં દ્વારા આપવાનો હોય, તેઓનો સમાવેશ પણ ઉકત **પત્રક -૧ તથા પત્રક -૨ માં** કરવાનો રહેશે.
- **પત્રક -૧ તથા પત્રક -૨ માં સમાવિષ્ટ ન હોય તેવા કોઇ પણ વિદ્યાર્થીઓની દરખાસ્ત આપના દ્વારા કે વિદ્યાર્થી દ્વારા જો પાછળથી મળશે, કે તે અંગે કોઇ પ્રશ્ન ઉપસ્થિત થશે તો આપની જવાબદારી નકકી કરવામાં આવશે.**
- તા. 30/૯/૨૦૨૨ **બાદ અત્રે રજુ કરવામાં આવે તેવી તમામ દરખાસ્ત વાલી તથા આચાર્યશ્રીનાં જરૂરી ખુલાસા સામેલ રાખવા.**

**૩. દરખાસ્ત તૈયાર કરવાની પધ્ધતિ :**

- અરજીફોર્મનાં પાન નંબર - ૩ ઉપર **"જાતિ પ્રમાણપત્ર મેળવવા રજુ કરવાનાં થતા પુરાવા"** શિર્ષક હેઠળ સ્પષ્ટ સુચનાઓ આપેલ છે.
- **વિદ્યાર્થીઓ તરફથી મળેલ અધુરૂ ફોર્મ અત્રેની કચેરીને મોકલવાનું નથી,** આવા વિદ્યાર્થીઓની વિગત પત્રક - ૨ માં દર્શાવવાની રહેશે, તથા અરજીફોર્મ તમામ સાધનીક કાગળો સહિત પરિપૂર્ણ થયા બાદ ફોરવર્ડીંગ લેટર સાથે દરખાસ્ત શાળા મારફત મોકલી આપવાની રહેશે, તથા **વિદ્યાર્થીઓ / વાલીઓ મારફત કોઇ પણ દરખાસ્ત અત્રે મોકલવી નહી.**



Scanned with CamScanner

- **સરકારશ્રીનાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગુ.રા. ગાંધીનગરનાં ઠરાવ ક્રમાંક : અજપ/૧૦૨૦૧૨/૪૦૦૧૧૮/હ, તા. ૫/૧/૨૦૧૩ અનુસાર અરજદારનાં પિતાનું શાળા છોડયાનું પ્રમાણપત્ર ફરજીયાત છે, સિવાય કે પિતા અભણ હોય; પિતાનાં શાળા છોડયાનાં પ્રમાણપત્ર સિવાયનું અરજીપત્ર આપને મળે કે પિતા અભણ છે તેવી રજુઆત આપને વિદ્યાર્થી પાસેથી મળે તો તેવા કિસ્સામાં આપની શાળાએ રાખવામાં આવતા વિદ્યાર્થીનાં પિતા-માતાની ધંધો-નોકરી, અભ્યાસ વગેરેનાં રેકોર્ડ કે વિદ્યાર્થીનાં શાળા પ્રવેશ સમયે રજુ કરેલ અરજીમાં દર્શાવેલ વિગતોને આધારે પિતા અભણ હોવા અંગેની ખરાઇ કરી તે મતલબનું પ્રમાણપત્ર સામેલ રાખવાનું રહેશે.**
- વિદ્યાર્થીઓને શાળા મારફત આપવામાં આવતાં દાખલાઓ શાળા છોડયાનાં પ્રમાણપત્રનાં બદલે બોનાફાઇડ સર્ટીફીકેટનાં આધારે આપવામાં આવે છે, આવા ખુબજ અગત્યનાં દસ્તાવેજ સાથે ચેડા ન થઇ શકે તે માટે શાળા છોડયાનાં પ્રમાણપત્રોની જેમ જ બોનાફાઇડ સર્ટીફીકેટની પાછળ બંને તરફનાં કાર્બનનો ઉપયોગ કરવો તથા તેની ઓફિસ કોપી આપે રાખવી.
- અગાઉનાં વર્ષોમાં કેટલીક શાળાઓ મારફત આપવામાં આવેલ બોનાફાઇડ સર્ટીફીકેટ ખુબ જ નાની સાઇઝ (A/4 સાઇઝનાં એક પેપરમાં ચાર બોનાફાઇડ સર્ટીફીકેટ) નાં હતાં, કેટલીક શાળાઓનાં બોનાફાઇડ જાહેર ખબર (લીફ લેટ) માટે વપરાતા અત્યંત પાતળા ખરાબ ક્વોલીટીનાં પેપરમાં હતાં, ચાલુ વર્ષે આવા અત્યંત નાના તેમજ ખરાબ ક્વોલીટીનાં પેપર ઉપર તૈયાર કરેલ બોનાફાઇડ ચલાવવામાં આવશે નહી.
- વિદ્યાર્થીઓનાં ફોટાને આચાર્યશ્રીએ પ્રમાણિત કરેલ હોય, અરજી ફોર્મનાં પાન નં - ૩ ઉપર આપેલ સુચના મુજબનું ફોટો આઇડેન્ટીટી પ્રુફ અલગ થી રજુ કરવાનું કે વિદ્યાર્થીઓએ રૂબરૂ કચેરીમાં આવવાનું રહેતું નથી.
- **અરજીફોર્મમાં સામેલ તમામ ઝેરોક્ષ નકલો શાળાનાં આચાર્યશ્રીએ પ્રમાણીત કરેલ રજુ કરવાની છે.**
- **અરજીફોર્મમાં સામેલ તમામ ઝેરોક્ષ નકલો સારી કંડીશનમાં મેળવી રજુ કરવી, જર્જરીત નકલો સામેલ ન રાખવી.**
- અરજી ફોર્મમાં ઓરીજનલ શાળા છોડયાનાં પ્રમાણપત્રો રજુ કરવા અંગે જણાવેલ હોવા ઉપરાંત શાળા મારફત પ્રમાણપત્ર મેળવવાનું હોય **કોઇ ખાસ કિસ્સામાં અત્રેથી અસલ રજુ કરવા સુચના અપાયેલ હોય તે સિવાય** અત્રેની કચેરીને દરખાસ્ત રજુ કરવામાં આવે તે સમયે, અરજીની સાથે ફોર્મમા બોનાફાઇડ સર્ટીફીકેટ સિવાય અન્ય કોઇ દાખલો / પુરાવો **અસલ** રજુ કરવાનો નથી.
- આ પત્ર સાથે અનુસુચિત જાતિમાં સમાવિષ્ટ પેટા જાતિઓની યાદિ સામેલ રાખી મોકલી આપેલ છે, જે મુજબ વિદ્યાર્થી તથા તેનાં પિતા / કાકા / ફોઇ કે દાદાની પેટાજાતિ એક જ સમુહમાં આવતી હોવી જરૂરી છે, જો તે અલગ અલગ **(દા.ત. મેઘવાળ - ચમાર)** હોય તો તેવા કિસ્સાઓમાં પિતા ઉપરાંત તેઓનાં કાકા / ફોઇ કે દાદા પૈકી ઓછામાં ઓછા બે વ્યકિતઓનાં શાળા છોડયાનાં પ્રમાણપત્રો રજુ કરવા તથા અરજદાર વિદ્યાર્થી તથા જેનાં શાળા છોડયાનું પ્રમાણપત્રો રજુ કરેલ છે, તે સંબંધિઓ વચ્ચે સંબંધ સ્થાપિત કરતો કોઇ સરકારી દસ્તાવેજ અથવા તો તલાટી/મામલતદારનું પેઢીનામુ રજુ કરવું, તથા અસલ સોગંદનામુ સામેલ રાખવુ.
- વિદ્યાર્થીનો પાસપોટ સાઇઝનો તાજેતરનો ૫૪ કે.બી ફોટો(લાઇવ ફોટો) પેનડ્રાઇવ આપવો.
- અન્ય રાજ્યમાંથી સ્થળાંતર કરીને આવેલ કુંટુંબના કેસમાં તા-૧૦/૮૧૯૫૦ કે તા.૧/૫૧૯૬૦ પેહ્લાંથી ગુજરાત રાજ્યમાં કાયમી વસવાટ કરતાં હોવા અંગેના સરકારી રેકર્ડ આધારિત પુરાવાઓ રજુ કરવાનાં રહેશે તથા ડોમીસાઇલ સર્ટીફીકેટ રજુ કરવાનુ રહેશે.

**૪. રહેઠાણનો પુરાવો :**

- રહેઠાણનાં પુરાવાનું સરનામુ અને અરજીફોર્મ ઉપર દર્શાવેલ સરનામુ એક હોવુ જરૂરી છે.
- રહેઠાણના પુરાવા તરીકે રેશનકાર્ડ,લાઇટબીલ,ઘરવેરાબીલ, પૈકી કોઇ પણ બે પુરાવા સુરત જિલ્લાનાં રજુ કરવાનાં રહેશે.
- ફોટો આઇડેન્ટી પ્રુફ (ચુંટણી કાર્ડ, ડ્રાયવિંગ લાઇસન્સ ફોટા વાળી બેંક પાસબૂક, આધાર કાર્ડ,) રજુ કરવાનુ રહેશે.

**૫. અરજીફોર્મની ગોઠવણી :**

- અરજીફોર્મમાં એક ફોટો ગુંદર વડે ચોંટાડવાનો છે, **જેને આચાર્યશ્રીએ પ્રમાણિત** કરવાનો છે, જ્યારે બીજા ફોટાને ટાંકણી મારવાની છે.
- **કોઇ પણ અરજીમાં સાધનીક કાગળો નીચે મુજબનાં અનુક્રમ મુજબ ગોઠવવા અને તેને સ્ટેપ્લર પીન લગાવવી.**
    1. અરજીફોર્મ
    2. અરજદારનું શાળાએ આપેલ બોનાફાઇડ સર્ટીફીકેટ
    3. અરજદારના પિતાનુ એલ.સી



Scanned with CamScanner

Scanned with CamScanner

૪. અરજદારનાં પિતા અભણ હોય તો / દાદા / કાકા / ફોઇનું શાળા છોડયાનું પ્રમાણપત્ર અને તલાટીનુ પેઢીનામુ દાદાના નામથી
૫. અરજદારનાં પિતા / દાદા / કાકા / ફોઇનું જાતિ પ્રમાણપત્ર (જો સામેલ રાખેલ હોય તો)
૬. રહેઠાણનો પુરાવો
૭. અન્ય રજુ કરેલ પુરાવાઓ

૮. **નીલ રીપોર્ટ :**

- જે કોઇ શાળામાં ધો - ૯ કે ધો - ૧૦ નાં જાતિ દાખલો મેળવવાપાત્ર અનુસુચિત જાતિનાં વિદ્યાર્થીઓ ન હોય, તો પણ તે શાળાઓએ આ બાબતે **"નીલ"** પ્રમાણપત્ર અત્રેની કચેરીમાં રજુ કરવાનું રહેશે.

અત્રેથી આપનાં મારફત આપવામાં આવતા પ્રમાણપત્રો બોનાફાઇડ આધારે આપવામાં આવે છે, જેથી વિદ્યાર્થીઓનાં શાળા છોડયાનાં પ્રમાણપત્રની પાછળ નીચે દશાવેલ નોંધ કરી, આચાર્યશ્રીએ સહી / સિકકો કરવાનો રહેશે, તથા ધો. ૧૦ નાં રીઝલ્ટ બાદ દિન - ૧૫ ની અંદર તમામ વિદ્યાર્થીઓનાં શાળા છોડયાનાં પ્રમાણપત્રની આગળ તથા પાછળની પ્રમાણિત ઝેરોક્ષ નકલો યાદિ સાથે લેખીત પત્ર મારફત બીનચૂક મોકલી આપવાની રહેશે. **આ બાબતે અગાઉનાં વર્ષોમાં સુચના આપવામાં આવેલ હતી, પરંતુ મોટા ભાગની શાળાઓએ અમલ કરેલ નથી, આ વર્ષથી તેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.**

શાળા મારફત જાતિ દાખલાનું સદરહુ અભિયાન સરકારશ્રીની ઉકત દર્શાવેલ સુચના મુજબ છે, અને કલેકટરશ્રી દ્વારા આ બાબતે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી સહિત અમારો નિયમીત રીવ્યુ લેવામાં આવતો હોય જાતિ દાખલાની દરખાસ્ત કરતા સમયે ઉપરોકત તમામ સુચનાઓનું પાલન કરવું, તથા આ સુચનાઓ ઉપરાંત દરખાસ્ત કરવા બાબતે કોઇ પણ પ્રકારનો પ્રશ્ન હોય તો, અત્રેની કચેરીનો સંપર્ક સાધવો.

**આ પરિપત્રમાં અરજદારે રજુ કરવાનાં પુરાવાઓ સરકારશ્રીનાં પ્રવર્તમાન ઠરાવ આધારીત છે, અરજીનાં નિકાલ જે-તે સમયનાં ઠરાવ આધારીત કરવામાં આવશે.**
સરકારશ્રીનાં અભિગમને સફળ બનાવવા ઉપરોકત વિગતો પ્રત્યે સવિશેષ ધ્યાન આપી દરખાસ્ત રજુ કરવા વિનંતી.

નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
સુરત

**નકલ સવિનય રવાના :**
૧. મે. નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણ, ગુ.રા., ગાંધીનગર.
૨. મે. કલેકટરશ્રી, સુરત.
૩. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત.
(૪) વહીવટી અધિકારીશ્રી, સુમન સેલ.

Scanned with CamScanner

Scanned with CamScanner

## નીચે આપેલ ચેક લીસ્ટ કાપીને ફાઇલ ઉપર ચોંટાડવાનું છે.

---

## ચેક લીસ્ટ

| અ.નં. | વિગત | શાળાનાં આચાર્યશ્રીએ ભરવાની વિગત | જિપવક કચેરીમાં ફાઇલ સ્વીકારનાર કર્મચારીએ ભરવાની વિગત |
|---|---|---|---|
| ૧. | **શાળાનું નામ :**<br>**સરનામુ :** | | |
| ૨ | **શાળા સંકુલનું નામ :** | | |
| ૩ | રજુ કરેલ કુલ ફોર્મની સંખ્યા ધોરણ - ૯ | | |
| ૪ | રજુ કરેલ કુલ ફોર્મની સંખ્યા ધોરણ - ૧૦ | | |
| ૫ | પત્રક _ ૧ તથા પત્રક _ ૨ સામેલ રાખેલ છે ? | | |
| ૬ | વિદ્યાર્થીનો એક ફોટો આચાર્યશ્રીએ સહી સિકકો કરી પ્રમાણિત કરેલ છે? | | |
| ૭ | પ્રમાણિત કરેલ ફોટાને ગુદર વડે ફોર્મ ઉપર ચોંટાડેલ છે? | | |
| ૮ | બોનાફાઇડ સર્ટીફીકેટની નકલ રાખેલ છે? | | |
| ૯ | બોનાફાઇડ સર્ટીફીકેટમાં નંબર, તારીખ આપેલ છે? | | |
| ૧૦. | બોનાફાઇડ સર્ટીફીકેટમાં શાળાનો રાઉન્ડ સીલ લગાવેલ છે? | | |
| ૧૧ | રજુ કરેલ આધાર પુરાવાઓનાં કાગળ સારી હાલતમાં છે? | | |
| | | | |
| | | | |
| | | | |
| | | **આચાર્યશ્રીના સહી સિકકા સહી** | **ફાઇલ સ્વીકારનાર કર્મચારીની સહી** |



Scanned with CamScanner

Scanned with CamScanner

# <u>બોનાફાઇડ સર્ટીફીકેટનો નમુનો</u>

## <u>બોનાફાઇડ સર્ટીફીકેટ</u>

પ્રમાણપત્ર / જાવક નંબર :

તારીખ :

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી /કુ ..................................................................... સદર શાળામાં શૈક્ષણીક વર્ષ : ૨૦૨૨-૨૩ દરમ્યાન ધોરણ ...................... માં અભ્યાસ કરે છે, શાળાનાં જનરલ રજીસ્ટર મુજબ તેની અન્ય વિગત નીચે મુજબ છે.

૧. જનરલ રજીસ્ટર નંબર :

૨. પિતાનું પુરૂ નામ :

૩. જાતિ (પેટા જાતિ સહિત) :

૪. જન્મ તારીખ :

૫. જન્મ સ્થળ :

૬. શાળામાં દાખલ તારીખ :

૭. સદર શાળા અગાઉની શાળાનું નામ :

શાળાનો
રાઉન્ડ સીલ

આચાર્યશ્રીનાં સહી / સીકકા

Scanned with CamScanner
Scanned with CamScanner

# પત્રક - ૧

## વર્ષ : ૨૦૨૨-૨૩ દરમ્યાન ધોરણ - ૯ માં અભ્યાસ કરતા તથા ધો - ૯/૧૦ની રેગ્યુલર સ્ટુડન્ટ તરીકે પરિક્ષા આપનાર વિદ્યાર્થીઓના જાતિ દાખલા માટે

### દરખાસ્ત પત્રક

| | | | | | |
|---|---|---|---|---|---|
| શાળાનું નામ | : | | શાળાનું સરનામુ | : | |
| શાળા ક્રમાંક | : | | શાળાનો ફોન નંબર | : | |
| આચાર્યશ્રીનું નામ | : | | આચાર્યશ્રીનો મોબાઇલ નંબર | : | |

| અ.નં. | વિદ્યાર્થીનું નામ | સરનામુ | પિતા / વાલીનો કોન્ટેકટ નંબર | ધોરણ / વર્ગ | જનરલ રજીસ્ટર નંબર | જનરલ રજીસ્ટરમાં દર્શાવેલ પેટા જાતિ | વડવાઓનું મૂળ વતન | ધર્મ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |

**પ્રમાણપત્ર :**

- આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, ઉપર મુજબની વિગતો શાળાનાં રેકોર્ડ પરથી ખાત્રી કરીને તૈયાર કરવામાં આવેલ છે, જે સાચી અને ખરી છે.
- પત્રક - ૧ તથા સદરહુ પત્રક - ૨ સિવાય અમારી શાળામાં વર્ષ : ૨૦૨૨-૨૩ દરમ્યાન ધોરણ _ ૯/૧૦માં અભ્યાસ કરતા તથા ધો - ૧૦ ની એક્સ સ્ટુડન્ટ તરીકે પરિક્ષા આપનાર અનુસુચિત જાતિનાંનાં કોઇ વિદ્યાર્થી નથી.

**તારીખ :** **તૈયાર કરનારનું નામ /હોદ્દો / સહી** **આચાર્યશ્રીનું નામ /હોદ્દો / સહી**



Scanned with CamScanner
Scanned with CamScanner

# પત્રક-૨

## વર્ષ : ૨૦૨૨-૨૩ દરમ્યાન ધોરણ _ ૯ માં અભ્યાસ કરતા તથા ધો - ૯/૧૦ ની રેગ્યુલર સ્ટુડન્ટ તરીકે પરિક્ષા આપનાર વિદ્યાર્થીઓના જાતિ દાખલા માટે દરખાસ્ત પત્રક

| | | | | | |
|---|---|---|---|---|---|
| શાળાનું નામ | : | | શાળાનું સરનામુ | : | |
| શાળા ક્રમાંક | : | | શાળાનો ફોન નંબર | : | |
| આચાર્યશ્રીનું નામ | : | | આચાર્યશ્રીનો મોબાઇલ નંબર | : | |

| અ.નં. | વિદ્યાર્થીનું નામ | સરનામુ | પિતા / વાલીનો કોન્ટેકટ નંબર | ધોરણ / વર્ગ | જનરલ રજીસ્ટર નંબર | જનરલ રજીસ્ટરમાં દર્શાવેલ પેટા જાતિ | વડવાઓનું મૂળ વતન | ધર્મ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |

**પ્રમાણપત્ર :**

- આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, ઉપર મુજબની વિગતો શાળાનાં રેકોર્ડ પરથી ખાત્રી કરીને તૈયાર કરવામાં આવેલ છે, જે સાચી અને ખરી છે.
- પત્રક - ૧ તથા સદરહુ પત્રક - ૨ સિવાય અમારી શાળામાં વર્ષ : ૨૦૨૨-૨૩ દરમ્યાન ધોરણ _ ૯/૧૦ માં અભ્યાસ કરતા તથા ધો - ૧૦ ની એકસ સ્ટુડન્ટ તરીકે પરિક્ષા આપનાર અનુસુચિત જાતિનાંનાં કોઇ વિદ્યાર્થી નથી.

**તારીખ :** **તૈયાર કરનારનું નામ /હોદ્દો / સહી** **આચાર્યશ્રીનું નામ /હોદ્દો / સહી**



Scanned with CamScanner
Scanned with CamScanner

ઇનવર્ડ નંબર :..............

તારીખઃ

વિના મુલ્યે

ફોટો

૨

## અનુસૂચિત જાતિનુ પ્રમાણપત્ર મેળવવા માટેની અરજી

અરજદારનુ નામઃ

તેના પિતા /વાલી/ પતિ નુ નામઃ

પત્ર વ્યવહારનુ પુરૂ સરનામુ

તારીખ.

ઓ.ન.

પ્રતિ,

## વિષયઃ જાતિ પ્રમાણપત્ર મેળવવા બાબત.

માનનીય સાહેબશ્રી,

સવિનય સાથે જણાવવાનુ કે, મારે ધી. કોન્ટીટયશન (શિડયુલ કાસ્ટ) ઓર્ડર ૧૯૫૦ મા ગુજરાત રાજયના પરિશીષ્ટમા દર્શાવેલ જાતિઓ પૈકી ..................જાતિ માટેનુ જાતિ પ્રમણપત્ર રાજય સરકારશ્રીના આ જાતિ માટેની અનામત જગ્યામા સરકારી યોજનાના લાભો/ રાજય સરકારની નોકરીમા નિમણુક / ઉચ્ચ શિક્ષણ / વ્યવસાયલક્ષી અભ્યાસક્રમોમા સરકારી ફી સ્વનિર્ભર ફી વાળી જગ્યાઓમા પ્રવેશ વગેરેના લાભ લેવાના હેતુ માટે જરૂરી કોઇ મારી અરજીમા જણાવેલ હકીકત તથા સાથે રજુ કરેલ દાર્શનીક આધાર પુરાવા, જાતિ પ્રસ્થાપિત કરતા સાચા સહજ આધારો વગેરે રાજય સરકારશ્રીના વખતો વખતના ઠરાવો , પરિપત્રો તથા પ્રવર્તમાન નિતીને આધીન રહી ઉંડાણ પુર્વકની પુરતી ચકાસણી કરી મારી જાતિ/પેટા જાતિ................................પ્રસ્થાપિત થતી હોય તો, મને જાતિ પ્રમાણપત્ર આપવા વિનંતી છે.

Scanned with CamScanner

Scanned with CamScanner

<u>મારી હકીકત નીચે મુજબ છે.</u>

| | |
|---|---|
| ૧ | અરજદારનુ પુરૂ નામ અને સરનામુ. |
| ૨ | અરજદારના પિતા/વાલી / પતિનુ પુરુનામ |
| ૩ | અરજદારના માતા નુ નામ |
| ૪ | કાયમી વતનનુ સરનામુ |
| ૫ | અરજદારના પિતા/વાલી / પતિનો વ્યવસાય |
| ૬ | પિતાનુ મુળ વતનઃ ગામ.............તાલુકો.............જીલ્લો .................રાજય.............. |
| ૭ | અરજદારની જાતિ / પેટા જાતિ |
| ૮ | અરજદાર પાળતા હોય તે ધર્મ |
| ૯ | મુળ વતનનુ રાજય |
| ૧૦ | ગુજરાતમા વસવાટની વિગતો.(કયારથી વસવાટ કરો છો તેની વિગત.) |
| ૧૧ | આ પ્રમાણપત્ર મેળવવાનો હેતુ. |

૧)ધોરણ ૧૦ પછી ધોરણ ૧૧ મા અનુ. જાતિ તરીકેની અનામત જગ્યાઓમા પ્રવેશ મેળવવા.

૨)ધોરણ ૧૨ પછીના ઉચ્ચ શૈક્ષણિક અભ્યાસકમોમા અનુ. જાતિઓ માટે અનામત જગ્યાઓમા પ્રવેશ મેળવવા માટે

૩)રાજય સરકારશ્રીની / સ્થાનીક સ્વરાજયની સંસ્થાઓમા અનુ.જાતિ માટેની અનામત સીટ પર સરકારી નોકરી મેળવવા.

૪)લોકસભા / વિધાન સભા/સ્થાનીક સ્વરાજયની સંસ્થાઓની વૈધાનિક ચૂંટણીઓમા અનુ.જાતિ માટેની અનામત સીટ પર ઉમેદવારી ભરવા માટે.

૫)અન્ય ....................

| | |
|---|---|
| ૧૨ | આ અગાઉ કોઇપણ સક્ષમ અધિકારી પાસે જાતિ પ્રમાણપત્ર મેળવવા અરજી કરી હતી. ?જો હો તો તેમણે પ્રમાણપત્ર આપેલ છે. ? જો ના આપેલ ન હોય તો તેના પ્રત્યુતરની નકલ અને વિગત. |
| ૧૩ | ધોરણ ૧૦ કે. ૧૨ ની પરિક્ષા પછી મેળવેલુ હતુ ? તો તેની વિગત. |

Scanned with CamScanner

Scanned with CamScanner

૧૪ ધોરણ ૧ મા દાખલ થયેલા હતા તે પ્રાથમિક શાળાનુ નામ ....................અને તે શાળા છોડયાનુ પ્રમાણ પત્રમા જણાવેલ જાતિ /પેટા જાતિ ....................ધોરણ ૮ મા પ્રવેશ લીધેલ હાઇસ્કુલ નુ નામ ...............................અને તેના જનરલ રજીસ્ટરમા જાતિ/પેટા જાતિ .................................છે.ધોરણ ૧૧ મા પ્રવેશ લીધેલ ઉચ્ચતર માધ્યમિક શાળાનુ નામ .....................અને તેના શાળા રજીસ્ટર / વયપત્રક રજીસ્ટરમા જાતિ ની નોંધમા બતાવેલ છે.

૧૫ અરજદારના પિતા/માતા/ પતિ ની જાતિ /પેટા જાતિ અંગેની માહીતી.

૧ પિતાનુ નામ

ઉંમરઃ

અભ્યાસઃ

છેલ્લી પ્રથમિકશાળા / માધ્યમિક શાળાનુ નામ સરનામુ

શાળા છોડયાના પ્રમાણપત્રમા લખાયેલી જાતિ/પેટા જાતિ

૨ માતાનુ નામ

ઉંમરઃ

અભ્યાસઃ

છેલ્લી પ્રથમિકશાળા / માધ્યમિક શાળાનુ નામ સરનામુ

શાળા છોડયાના પ્રમાણપત્રમા લખાયેલી જાતિ/પેટા જાતિ

૧૬ અરજદારના કુટુંબનાનીચેના સભ્યોને આ જાતિના પ્રમાણપત્ર મળેલ છે.

| ક્રમ | નામ | સંબંધ | પમાણપત્ર આપનાર કચેરી તથા પ્રમાણપત્રના નંબર / તારીખ | પ્રમાણપત્ર આપનાર અધિકારી નુ નામ અને હોદ્દો . |
|---|---|---|---|---|
| | | | | |

Scanned with CamScanner

Scanned with CamScanner

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| ૧ | | | | |
| ૨ | | | | |
| ૩ | | | | |
| ૪ | | | | |
| ૫ | | | | |

૧૭ જાતિ પ્રસ્થાપિત કરવાના સમર્થન માટે રજુ કરેલા સાચા સહજ આધાર પુરાવા,દસ્તાવેજ વગેરેની પ્રમાણિત નકલોની વિગત.

૧) અરજદારનુ છેલ્લી શાળાનુ શાળા છોડયાનુ પ્રમાણપત્ર

૨) પિતાનુ છેલ્લી શાળા છોડયાનુ પ્રમાણ પત્ર

૩) સરનામા / રહેઠાણના આધાર માટે રેશનકાર્ડ / વીજળી બીલ/ઘરવેરો/ટેલીફોન બીલ પૈકીની નકલ.

૪) અન્ય આધારો.

૧)

૨)

૧૮ અરજદાર કે તેના કુટુંબનુ જાતિ પમાણપત્ર કયારેય રદ થયુ હોય તો તેની વિગતો.

૧૯ અરજદાર કે તેના પિતાના શાળાના રેકર્ડમા સુધારો કર્યો હોય તો તેની વિગતો.

બાંહેધરી

આથી હું શ્રી.............................અરજદાર અને મારા પિતા / પતિ / માતા શ્રી.................બાંહેધરી આપીએ છીએ, અમોએ અનુ. જાતિઓ માટેની અનામત નીતી મુજબ સરકારી નોકરી / ઉચ્ચ શૈક્ષણિક પ્રવેશ ની અનામત / નાણાકીય લાભો લેવા માટે આ પ્રમાણપત્ર મેળવવા અરજી કરી છે. આં અરજી મા જણાવેલ હકીકત તથા જાતિના , રહેઠાણના સમર્થનમા રજુ કરેલા દાર્શનીક પુરાવા

Scanned with CamScanner

Scanned with CamScanner

તેના મુળ રેકર્ડમા સાચા ન જણાય કે, એમા જણાવેલ હકીકતને પણ ઉંડાણથી થતી તપસવા સમર્થન ન મળે અને અમે માત્ર અનામતનો લાભ લેવા માટે બદ ઇરાદાથી આ હકીકત કે આધાર ઉભા કર્યાનુ પ્રસ્થાપિત થાયતો રાજય સરકારશ્રી, આ પ્રમાણપત્ર રદ કરી મે મેળવેલ લાભો પરત કરવા ઉપરાંત ફોજદારી ધારા હેઠળ અમારી સાથે કાર્યવાહી હાથ ધરી શકશે. સાથો સાથ પ્રમાણપત્ર મેળવ્યા પછી પણ ઉંડાણથી તપાસથી કે અન્ય જાણકારીથી અમારી હકીકત તથા આધાર પુરાવા બોગસ, ખોટા કે અનામતનો લાભ લેવા માટે ઉભા કર્યા હોવાનુ ફેરફાર કરાવ્યા હોવાનુ પુરવાર થાય તો, પ્રમાણપત્રના આધારે મેળવેલ લાભો, રાજય સરકારશ્રી પરત લઇ લે અને જે શિક્ષત્મક પગલા લેશે તે, ભોગવવા અમો આ બાંહેધરી આપીએ છીએ, અને તમામ સુચનાઓ વાંચી આ પ્રમાણપત્ર મેળવવા સમજી વિચારીને અરજી કરીએ છીએ.

તા.......................................

અરજદારની પુરી સહી............

(નામ..

પિતા/માતા/વાલીની પુરી સહી..)

(જયાં લાગુ ન પડે તે ચેકી નાખવુ)

## કાર્યાલયના ઉપયોગ માટે

૧)પ્રમાણપત્રના અરજદારનુ પુરુ નામ

૨)જાતિ / પેટા જાતિ

૩)પ્રમાણપત્ર આપવામા આવ્યુ હોય તો નંબર તારીખ.

૪)પ્રમાણપત્ર આપવામા ન આવ્યુ હોય તો,

કારણ ટુંકમા તથા જવાબના નંબર તારીખ

૫)અન્ય

તારીખ..................

કામ કરતા કર્મચારી નુ નામ સહી હોદ્દો .

સક્ષમ અધિકારીશ્રીનુ નામ સહી અને હોદ્દો

Scanned with CamScanner

Scanned with CamScanner

Azadi Ka
Amrit Mahotsav

જા.નં./મા-૨/પરચ/૨૦૨૨/૧૯૭૭૪

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com
તા.૨૬/૦૯/૨૦૨૨

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જિલ્લાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તરફ

સામેલ તા.૧૩/૦૯/૨૦૨૨નાં પત્ર અન્વયે અમલ થવા સારું

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત